સંક્ષિપ્ત સમાચાર

શિક્ષણ સમિતિના રમતોત્સવનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

સુરત: નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતના વિદ્યાર્થી અને શિક્ષકો માટેનો રમતોત્સવ-૨૦૨૬ નું આયોજન તા. ૩૦-૦૧-૨૦૨૬ થી તા. ૨૦-૦૨-૨૦૨૬ દરમિયાન યોજાયો હતો, આ રમતોત્સવમાં ઝોન કક્ષાએ ૨૧,૩૮૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વીર નર્મદ યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ઇન્ડોર સ્ટેડિયમ તેમજ સુરત મહાનગપાલિકા સંચાલિત સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં આ વિદ્યાર્થીઓએ રમતમાં પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. આ રમતોત્સવના ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન તા. ૦૬-૦૩-૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકેથી પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઇન્સ ખાતે યોજાનાર છે. જેમાં ભારત સરકાર જળશક્તિ મંત્રાલયના મંત્રી સી.આર. પાટીલ, મેયર દક્ષેશ માવાણી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને ટ્રોફી અર્પણ કરી પ્રોત્સાહિત કરશે.

વેટરન ક્રિકેટ એસો. ગુજરાતની સ્થાપના કરવામાં આવી

સુરત: ગુજરાતમાં વેટરન ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે વેટરન ક્રિકેટ એસોસિએશન ઓફ ગુજરાતની રચના કરવામાં આવી છે. 24 ફેબ્રુઆરી 2026ના રોજ આ એસોસિએશનનું ગઠન દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં 40 વર્ષથી વધુ ઉંમરના અનુભવી ક્રિકેટરો માટે ક્રિકેટ પ્રવૃત્તિઓનું સંચાલન કરવા માટે કરવામાં આવ્યું છે. આ એસોસિએશનનો મુખ્ય હેતુ અનુભવી ક્રિકેટરોને એક સુવ્યવસ્થિત મંચ આપવાનો, તેમને સ્પર્ધાત્મક તકો ઉપલબ્ધ કરાવવાનો અને ક્રિકેટ ક્ષેત્રમાં તેમના સતત યોગદાનને પ્રોત્સાહન આપવાનો છે. પદાધિકારીઓમાં પ્રમુખ તરીકે નરેન્દ્ર પી. પટેલ, ઉપપ્રમુખ તરીકે મહેશ સી. પીઠાવાલા અને કિરીટ જી. પટેલ, સચિવ તરીકે વિનિત બંસલ અને હેમંત પટેલ તેમજ સંયુક્ત સચિવ તરીકે કમલેશ પટેલની નિમણૂંક કરવામાં આવી છે.

કૃભકો દ્વારા આંતર-ઔદ્યોગિક બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાઈ

સુરત : ૩૮મા હેવી વોટર ડે અને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના અવસરે કૃભકો નગર, સુરત ખાતે ઇન્ડસ્ટ્રિયલ બેડમિન્ટન ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. પરમાણુ ઉર્જા વિભાગ - હેવી વોટર બોર્ડ અને કૃભકો દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કાર્યક્રમમાં અગ્રણી ઔદ્યોગિક સંસ્થાઓ રમતગમત અને ભાઈચારાની ભાવના સાથે એકમંચ પર આવી હતી. આ ટુર્નામેન્ટમાં ONGC, GNFC, NTPC, AMNS, HAEP અને KRIBHCOની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સુરતના પો.કમિ. અનુપમ સિંહ ગેહલોત, કૃભકોના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર (ઓપરેશન્સ) ચંદ્રમોહન, જીએમ (પ્રોડક્શન) બી.કે. શિશોદિયા, જીએમ (કોમર્શિયલ) એસ.ટી. મકવાણા, જીએમ (HAEP, હજીરા) એસ. થિરૂવલ્લુવન, જેજીએમ (એચઆર) સુનિલ ગૌર અને એસીપી એમ.કે. રાણા સહિતના અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જીવનભારતીમાં ભાષા ઓલિમ્પિયાડ અંતર્ગત વ્યાખ્યાન તથા ઇનામવિતરણ

સુરત: નાનપુરા ખાતે આવેલી જીવનભારતી સંસ્થામાં માતૃભાષાના સંવર્ધન અર્થે યોજાયેલી આંતરશાળા ભાષા ઓલિમ્પિયાડ અંતર્ગત તારીખ 7મી માર્ચ, શનિવારે સવારે 10.00 કલાકે, રંગભવનમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ ડો.ટી. એસ.જોશીનું વ્યાખ્યાન તેમજ ઇનામવિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. કાર્યક્રમમાં વ્યક્તિવિશેષ સ્થાને સુરતના ડીઇઓ ભગીરથસિંહ પરમાર તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી વસંત પટેલ ઉપસ્થિત રહેશે.

મનપા દ્વારા 639 કીશોરીને ગર્ભાશયના કેન્સર સામે રક્ષણ અપાતી રસી મુકાઇ

સુરત: ભારતમાં મહિલાઓમાં ગર્ભાશયના મુખનું કેન્સર બીજા ક્રમે જોવા મળતી ગંભીર બીમારી છે. આ જીવલેણ રોગ સામે રક્ષણ આપવા માટે સુરત મનપા દ્વારા આ અંતર્ગત 01/01/2011 થી 29/02/2012 વચ્ચે જન્મેલી અને 14 વર્ષ પૂર્ણ કરનાર કિશોરીઓને પાલિકાના 57 શહેરી આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો પર વિનામૂલ્યે રસી આપવામાં આવી રહી છે. ગુરૂવારે મેયર દક્ષેશ માવાણી, દંડક ધર્મેશ વાણીયાવાલા અને સ્થાનિક કોર્પોરેટરોએ અડાજણ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ દરમિયાન રસી લેનાર 18 કિશોરીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કુલ 639 કિશોરીઓનું સફળતાપૂર્વક રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે અને રસી લીધા બાદ કોઈ પણ લાભાર્થીમાં આડઅસર જોવા મળી નથી.

ગાંધી સરકારી ઈજનેરી કોલેજમાં 6th Alumni Meet 2026 યોજાઈ

સુરત: ડો. એસ. એન્ડ એસ. એસ. ગાંધી સરકારી ઈજનેરી કોલેજમાં એલ્યુમની એસો. દ્વારા તા. 1 માર્ચ, 2026ના રોજ કોલેજ કેમ્પસના સિવિલ સેમિનાર હોલમાં છઠ્ઠી એલ્યુમની મીટ-2026નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના વિકાસમાં યોગદાન આપનાર એલ્યુમનીનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિવિધ વિભાગોના શ્રેષ્ઠ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી અને રોકડ ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. એસો.ના પ્રમુખ ડો. દર્શન જે. મહેતાએ જણાવ્યું હતું કે, આ મીટ દ્વારા ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બનશે.

સાયબર ફ્રોડ માટે કુખ્યાત રીવા ગેંગ ઝડપાઈ

૨૭ મોબાઈલ અને ૫૧ ડેબિટ કાર્ડ જપ્ત

સુરત સાયબર સેલે મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં દરોડા પાડી ૯ સાગરીતોને દબોચ્યા

સુરત: ૩૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ રેલ્વેમાંથી નિવૃત થયેલા એક સીનીયર સીટીઝનને પ્રોવિડન્ડ ફંડના રૂ. ૨૮ લાખ મળ્યા હતા. જેમાંથી ૮ લાખ રૂપિયા તેમણે અંગત ખર્ચ માટે ખાતામાં રાખ્યા અને બાકીના પૈસાની એફ ડી કરાવી હતી. તા. ૫ ડિસેમ્બરના રોજ ગઠિયાઓએ DRM ઓફિસના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી પેન્શન માટે લિંક મોકલી હતી. આ લિંક પર ક્લિક કરતા જ વૃદ્ધનો ફોન હેક થયો હતો અને ગઠિયાઓએ રૂ. ૮,૧૨,૫૦૦/- ટ્રાન્સફર કરી લીધા હતા. ભોગ બનનારે તુરંત હેલ્પલાઇન ૧૯૩૦ પર સંપર્ક કરતા સાયબર સેલે ગુનો નોંધી ટેકનિકલ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આરોપીઓ રીવા (મધ્યપ્રદેશ) ખાતે માસિક રૂ. ૧૫,૦૦૦ના ભાડાના ફ્લેટમાં રહીને આખું રેકેટ ચલાવતા હતા. તેઓ કુરિયર મારફતે બેંક કીટો મેળવી, સાયબર ફ્રોડના નાણાં ગેમીંગ આઈડીના પેમેન્ટમાં સેટલ કરતા હતા. નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર તપાસ કરતા આ ગેંગના બેંક એકાઉન્ટ્સ સાથે દેશભરની ૩૯૧ ફરિયાદો જોડાયેલી હોવાનું અને રૂ. ૧૯.૨૪ કરોડના ફ્રોડ થયા હોવાનું ખુલ્યું છે.પોલીસની ટીમે મધ્યપ્રદેશના રીવા અને ઉત્તરપ્રદેશના મિર્ઝાપુર ખાતે દરોડા પાડી કુલ ૯ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે તમામ આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ મેળવી મુખ્ય સૂત્રધાર 'ચેતન' અને 'શુભ ઉર્ફે બજરંગબલી'ની શોધખોળ હાથ ધરી છે.

રીવાની ગેંગના સભ્યો

૧. મોહમદ ગુલફામ ઝાકીર હુસૈન (ઉ.વ. ૨૫): રહે. શિલ્પી ઉપવન, રીવા (મધ્યપ્રદેશ), મુળ રહે. ઉધમસિંહ નગર, ઉત્તરાખંડ. ૨. અભિનવ રાજેશ્રીપ્રસાદ પાંડે (ઉ.વ. ૨૯): રહે. શિલ્પી ઉપવન, રીવા, મુળ રહે. ભિલાઇ, જી.દુર્ગ, છત્તીસગઢ. ૩. સમીર નાઝીમ હુસૈન (ઉ.વ. ૧૯): રહે. શિલ્પી ઉપવન, રીવા, મુળ રહે. કાશીપુર, જી.ઉધમસિંહ નગર, ઉત્તરાખંડ. ૪. ધર્મરાજ મુન્નુરામ વિશ્વકર્મા (ઉ.વ. ૨૩): રહે. શિલ્પી ઉપવન, રીવા, મુળ રહે. ખુર્સીપાર, ભિલાઇ, જી.દુર્ગ, છત્તીસગઢ. ૫. આદિત્ય જયકુમાર સહાની (ઉ.વ. ૨૧): રહે. શિલ્પી ઉપવન, રીવા, મુળ રહે. વૈશાલી નગર, ભિલાઇ, જી.દુર્ગ, છત્તીસગઢ. ૬. આફતાબ મહબુબ હુસૈન (ઉ.વ. ૧૯): રહે. શિલ્પી ઉપવન, રીવા, મુળ રહે. ભગતપુર, જી.મુરાદાબાદ, ઉત્તરપ્રદેશ. ૭. તૌફીક અલી તૌકીર અહમદ અલી (ઉ.વ. ૨૩): રહે. શિલ્પી ઉપવન, રીવા, મુળ રહે. કાશીપુર, જી.ઉધમસિંહ નગર, ઉત્તરાખંડ. ૮. શાહનવાઝ મેહતાબ અલી (ઉ.વ. ૨૨): રહે. શિલ્પી ઉપવન, રીવા, મુળ રહે. કાશીપુર, જી.ઉધમસિંહ નગર, ઉત્તરાખંડ. ૯. પ્રાંશુ ઉર્ફે પ્રિયાંશુ વિનોદ પાઠક (ઉ.વ. ૨૨): રહે. શિલ્પી ઉપવન, રીવા, મુળ રહે. મિર્ઝાપુર, ઉત્તરપ્રદેશ.

ડીજે ચલાવનાર અને બી. એ નો વિદ્યાર્થીએ ટેક્નોલોજીના સહારે દેશભરના સેંકડો લોકોને લાખોનો ચૂનો લગાવ્યો

પકડાયેલા નવ આરોપીઓની શૈક્ષણિક વિગતો તપાસતા પોલીસ પણ હેબતાઈ ગઈ હતી. ગેંગમાં મોહમ્મદ ગુલફામ, અભિનવ પાંડે, સમીર અને આદિત્ય જેવા શખ્સો સામેલ હતા જે માત્ર 10 કે 12 પાસ હતા. કોઈ ડીજે ઓપરેટર હતો તો કોઈ હેર કટિંગ કે વેલ્ડિંગનું કામ કરતો હતો. માત્ર પ્રિયાંશુ પાઠક બી.એ. ના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. આ ઓછા ભણેલા યુવાનોએ ટેક્નોલોજીના સહારે દેશભરના સેંકડો લોકોને લાખોનો ચુનો લગાવ્યો હતો અને સુરત પોલીસની રડારમાં આવી ગયા હતા.

ભાડાના મકાનમાં દરોડામાં કબજે કરેલો મુદ્દામાલ

મોબાઇલ:	૨૭ નંગ
લેપટોપ:	૦૩ નંગ
ડેબીટકાર્ડ:	૫૧ નંગ
સીમકાર્ડ:	૧૩ નંગ
પાસબુક:	૨૩ નંગ
હિસાબની બુક:	૦૪ નંગ

સગીરા પર બળાત્કાર ગુજારનાર યુવાનને આજીવન કેદની સજા

યુવાને ફ્રેન્ડશીપના નામે 13 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી બળાત્કાર કરી ગર્ભવતી બનાવી દીધી હતી

સુરત: ફ્રેન્ડશીપ ના નામે પ્રેમજાળમાં ફસાવી 13 વર્ષની કિશોરી ને ગર્ભવતી બનાવી દેનાર આરોપી રાઘવેન્દ્રસિંહ ઉર્ફે નીતિન વીર સિંહ ભદોરીયાને સ્પેશિયલ પોક્સો કોર્ટે આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. સારોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારમાં બનેલી આ કેસની હકીકત મુજબ તા.૧૬/૦૧/૨૦૨૫ રોજ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદીની 13 વર્ષની દીકરીને પેટમાં દુખાવો રહેતા ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ડોક્ટરે દિકરી ગર્ભવતી હોવાનું જણાવ્યું હતું. દીકરીને આ અંગે પુછતાં દિકરીએ જણાવ્યું હતું કે નવેમ્બર-૨૦૨૪ માં ધનતેરસના બે દિવસ પહેલા આરોપી યુવકે બોલાવી પોતાની સાથે ફ્રેન્ડશીપ કરી હતી. આરોપીએ ફ્રેન્ડશીપ ના નામે સગીર વયની કિશોરીને પ્રેમમાં ફસાવી હતી. તા.૨૯/૧૧/૨૦૨૪ ના રોજ સાંજે આરોપી રાઘવેન્દ્રસિંગ ઉર્ફે નીતીને ભોગ બનનાર ને બોલાવી કારમાં બેસાડી આઉટર રીંગરોડ તરફ કોઇ અવાવરૂ જગ્યાએ લઈ જઈ ભોગ બનનારની મરજી વિરુદ્ધ અડપલાં કરી શરીર સંબંધ બાંધ્યો હતો. તેમજ બીજી વખત પણ ગાડીમાં ભોગ બનનારની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ હકીકત બાદ પરિવાર દીકરીને લઈને સ્મીમેર હોસ્પિટલમાં ગયા હતા. જ્યાં ડોક્ટરે ભોગ બનનારને ત્રણ માસનો ગર્ભ હોવાનું નિદાન કર્યું હતું. આ અંગે માતાએ સારોલી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પોક્સો એક્ટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ એમ કે બ્રહ્મભટ્ટે દલીલો કરી હતી.

કિશોરી પર બળાત્કાર કેસમાં આરોપીને 20 વર્ષની સજા

સુરત: પોક્સો કેસમાં આરોપી વિશાલ ઉર્ફે વિશુ ભરત ચૌહાણ (ઉ.વ.૨૧)ને કોર્ટે 20 વર્ષની સજા અને 60 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ કેસની હકીકત મુજબ ભોગ બનનાર અને આરોપી એકબીજાને ઓળખતા હોય મિત્રતા થઈ હતી. આ મિત્રતાનો ગેરલાભ ઉઠાવી આરોપી વિશાલ ઉર્ફે વિશુએ વરિયાવ બ્રિજ નીચે બે વખત લઈ જઈ ભોગ બનનારની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. તેમજ તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ મોડી રાત્રિએ અડપલાં કરતાં પરિવાર જાગી જતાં તેને પકડી પોલીસને હવાલે કર્યો હતો. આ અંગે પૂછતા દીકરીએ આરોપીએ વરિયાવ બ્રિજ પર બોલાવી બળાત્કાર ગુજાર્યો હોવાનું જણાવ્યું હતું. જેથી આ અંગે પરિવારે ફરિયાદ નોંધાવી હતી. અમરોલી પોલીસે પોક્સો સહિતની કલમો અન્વયે ગુનો નોંધી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ ડી વી દવેએ દલીલો અને રજૂઆત કરી હતી. સ્પેશિયલ પોક્સો કોર્ટ નાં જડજ ભાવેશ કે અવાશિયા એ બંને પક્ષની દલીલો-રજૂઆત સાંભળ્યા બાદ આરોપી વિશાલને તકસીરવાર ઠેરવી 20 વર્ષની સખ્ત કેદની સજાનો હુકમ કર્યો હતો.

આવા કૃત્યને હળવાશથી લેવામાં આવે તો સમાજમાં ખોટો સંદેશ જાય તેમ છે

સુરત: સુપ્રીમ કોર્ટના સ્ટેટ ઓફ કર્ણાટક વિ. કુટુ રાજા ૨૦૦૪ નાં ચુકાદાને નોંધી કોર્ટે ગંભીર ટકોર કરી હતી કે આરોપી દ્વારા આચરવામાં આવેલા ઘૃણાસ્પદ કૃત્ય કરવાનો એકમાત્ર ઈરાદો ભોગ બનનારની સાથે વારંવાર જાતીય વાસના તથા પોતાની જાતીય સેક્સની ઈચ્છાઓ સંતોષવાનો હતો. આરોપી દ્વારા આવું અઘમ કૃત્ય કરીને સગીર વયની બાળાને ગર્ભવતી બનાવી દીધેલ છે, તે જોતા હાલના આરોપી ને ઓછી સજા કરવામાં આવે અને આવા કૃત્યને હળવાશથી લેવામાં આવે તો સમાજમાં ખોટો સંદેશ જાય તેમ છે

સારોલીમાં ટેમ્પો અને દીવાલ વચ્ચે દબાઈ જતાં ચાલકનું મોત

સુરત: મૂળ મહારાષ્ટ્રના વતની લક્ષ્મણ રાજેન્દ્ર મહાજન (ઉ.વ.27) હાલ લિંબાયત વિસ્તારમાં આવેલી રત્નપ્રભા સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. લક્ષ્મણ ઓનલાઈન કરિયાણાના સામાનની ડિલિવરીનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે સાંજે લક્ષ્મણ તેના મોટા પુત્ર સાથે ઈલેક્ટ્રિક થ્રી વ્હીલર ટેમ્પો લઈને સારોલી ખાતે જીપ્સી પ્રા.લી કંપનીના પાર્કિંગમાં ગયો હતો. જ્યાં તેએ ટેમ્પોમાં ચાવી રાખીને નીચે ઉતર્યો હતો અને તેનો પુત્ર ટેમ્પોમાં જ બેસેલો હતો. દરમિયાન ટેમ્પો અચાનક રિવર્સ આવતા લક્ષ્મણ ટેમ્પો અને દીવાલ બંનેની વચ્ચે ફસાઈ ગયો હતો. અકસ્માતમાં તે દબાઈ જતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. બનાવને પગલે સારોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩)
(૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- સુરત તારીખ:- 18 FEB 2026
ક્રમાંક :- અમ-મ-૨૦૨૬-૧૯૭ -જસત-૧૪૨૦૨૬-૨૧૦-ઘ

"મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી.અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન"ના જાહેર હેતુ ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી. અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન"ના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે.૦૧-૦૩-૩૫ ચો.મી. છે અને તે મોજે. હલદવા તા. મહુવા (હાલ-અંબિકા) જિ. સુરતની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે. ૦૧-૦૩-૩૫ ચો.મી. જમીનને સદરહું અધિનિયમ ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ- ૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "મહુવા અનાવલ રોડ ચેનેજ ૦/૦ થી ૨૮/૯૬૦ કી.મી.અંતર્ગત હયાત ૦/૦ થી ૧૫/૩૦૦ માં ૧૦.૦૦ મીટર માંથી ૪-લેન અને ૧૫/૩૦૦ થી ૨૮/૯૬૦ કી.મી.માં ૭.૦ મીટર માંથી ૪ લેન" ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. હલદવા તા. મહુવા (હાલ-અંબિકા) જી.સુરત ની ક્ષેત્રફળ હે.આરે.૦૧-૦૩-૩૫ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(રાજ નમેરા)
ક્રમાંક: માહિતી-સૂરત/૧૫૯૨/૨૦૨૬ સરકારના ઉપ સચિવ

ધુળેટીએ મહિલાઓનાં કપડાં ફાડ્યાં, ૧૨ લોકોને ફટકાર્યા

કતારગામાં અસામાજિક તત્ત્વોનો આતંક, ગંદા પાણીની કોથળીઓ ફેંકી પરિવાર પર જીવલેણ હુમલો

સુરત: ધુળેટીના દિવસે એક પરિવાર પોતાની ગાડીમાં સવાર થઈને કતારગામની રૂક્ષ્મણી સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન રસ્તા પર ઉભેલા કેટલાક માથાભારે તત્ત્વોએ ગાડી પર ગંદા પાણીની કોથળીઓ ફેંકી હતી. તત્ત્વોએ ચાલુ ગાડીમાંથી ચાવી કાઢી લઈ અભદ્ર ગાળાગાળી કરી ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. હુમલાખોરોએ હાથમાં પહેરેલા ભારે કડા અને લાકડાના ફટકાઓ વડે પરિવાર પર તૂટી પડ્યા હતા. આટલેથી ન અટકતા, નરાધમોએ મહિલાઓ સાથે ઝપાઝપી કરી તેમના કપડાં ફાડી નાખ્યા હોવાના પણ આક્ષેપો થયા છે. બચાવવા વચ્ચે પડેલા અન્ય યુવકોને પણ બેરહેમ રીતે ફટકારવામાં આવ્યા હતા. આ હુમલામાં કુલ ૧૨ વ્યક્તિ ઘાયલ થઈ છે. પોલીસે CCTV ફૂટેજના આધારે હુમલાખોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સુરતના દાંડી રોડ પર આવેલા સિમેન્ટ પ્લાન્ટમાં ભીષણ આગ

સુરત: સુરતના દાંડી રોડ પર આવેલા કપાસી ગામમાં સિદ્ધનાથ મહાદેવ મંદિર પાસે આવેલા એક ખાનગી સિમેન્ટના પ્લાન્ટમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળી હતી. પ્લાન્ટમાં જ્વલનશીલ સામગ્રી હોવાને કારણે આગ ઝડપથી પ્રસરી હતી અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકોમાં ફાળ પડી હતી અને તાત્કાલિક ફાયર વિભાગને આ અંગે જાણ કરવામાં આવી હતી.

આગની ગંભીરતાને ધ્યાને લઈને ફાયર વિભાગ દ્વારા તાત્કાલિક મોરા ભાગળ અને પાલનપોર ફાયર સ્ટેશનની કુલ 4 ગાડીઓ ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર ઓફિસર ગિરીશ સેલરના સીધા માર્ગદર્શન હેઠળ જવાનોએ ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ પ્લાન્ટમાં રહેલી મશીનરી અને અન્ય સામાનને મોટું નુકસાન થયું હોવાની આશંકા છે. હાલ ફાયર વિભાગ દ્વારા આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

મનપાના સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો વિવાદ

અગાઉની એજન્સી 87 લાખનો ચૂનો લગાવી ગઈ, હવે નવી માટે દરખાસ્ત

મનપાના સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ફરી ધમધમશે, એમ.પી. ફિટનેસ સ્પોર્ટ એજન્સી સામે તપાસ અને પોલીસ ફરિયાદની વાત હવામાં ઓગળી ગઈ

સુરત: સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોનમાં ઉમરવાડા-બોમ્બે માર્કેટ પાસે આવેલું સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છેલ્લાં બે વર્ષથી બંધ હાલતમાં છે. આ કોમ્પ્લેક્સ જૂન-2019માં 5 વર્ષ માટે પીપીપી ધોરણે એમ.પી. ફિટનેસ એન્ડ સ્પોર્ટ્સ નામની એજન્સીને ચલાવવા અપાયું હતું. જો કે, આ એજન્સી પર 87 લાખ રૂપિયાનું બિલ બાકી નીકળતું હોવાથી વિવાદ સર્જાયો હતો અને એજન્સી સંચાલકો સામાન કાઢી કોમ્પ્લેક્સને તાળાં મારીને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર પ્રકરણમાં મનપાને આર્થિક નુકસાન પહોંચાડવાની સાથે જ મનપાના અધિકારી અને કર્મચારીઓની સંડોવણી હોવાની શંકાએ તપાસ સમિતિ પણ નીમવામાં આવી હતી અને પોલીસ ફરિયાદ કરવા મનપા કમિશનરે સૂચના આપી હતી. જો કે, હજુ આ કાર્યવાહી થઈ નથી.

હવે આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને ફરીવાર કાર્યરત કરવા માટે મનપા દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી છે. આ માટે સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ ઈન્સ્ટોલ કરવા, મેમ્બરશીપ બુકિંગ કરવા અને કોમ્પ્લેક્સનાં ઓપરેશન-મેઈન્ટેનન્સ સહિતની 10 વર્ષની કામગીરી પીપીપી ધોરણે સોંપવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. શરૂઆતના ત્રણ પ્રયાસમાં કોઈ ટેન્ડર મળ્યાં ન હતાં. જ્યારે ચોથા પ્રયાસમાં ઓનીરોસ હોસ્પિટાલિટી નામની એજન્સી દ્વારા 57.42 લાખ રૂપિયાનું ટેન્ડર આવ્યું હતું, જે દફ્તરે કરવામાં આવ્યું હતું. હવે પાંચમા પ્રયાસમાં આ જ એજન્સીએ 67.42 લાખ રૂપિયાની નવી ઓફર આપી છે, જેની મંજૂરી અર્થેની દરખાસ્ત આગામી સ્થાયી સમિતિની બેઠકમાં રજૂ કરવામાં આવશે અને તેના પર અંતિમ નિર્ણય લેવાશે.

પત્નીએ દારૂ માટે રૂપિયા નહીં આપતા પતિએ ઝેર પીધું

સુરત: અમરોલીમાં દારૂ પીવા માટે પત્નીએ રૂપિયા નહીં આપતા યુવકે ઝેર પી લીધું હતું.

મળેલી માહિતી મુજબ, અમરોલી વિસ્તારમાં આવેલ જલારામનગરમાં મનુભાઈ કેશુભાઈ પરમારને (40 વર્ષ) દારૂ પીવાની કુટેવ હતી. બુધવારે રાત્રે મનુભાઈ પત્ની પાસેથી દારૂ પીવા માટે રૂપિયા માંગ્યા હતા.

પત્નીએ રૂપિયા આપવા માટે ના પાડી દીધી હતી. જેથી બ